# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-09-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## કેબિનેટ -17 નવા તાલુકા

રાજ્યમાં નવા 17 તાલુકાઓની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના ૨૧ તાલુકામાંથી નવા 17 તાલુકાની રચના કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે રાજ્યમાં તાલુકાઓની સંખ્યા હવે 265 થશે. આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાનો લાભ મળતા નવા બનનારા તાલુકા મથકોનો શહેરી ઢબે વિકાસ થઈ શકશે.

**-----------------------------------------------------------------------------------------**

## સંકલન સહ ફરિયાદ સમિતિ બેઠક-ભુજ

કચ્છ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં જિલ્લા સેવા સદન ભુજ ખાતે સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. કચ્છ જિલ્લાના પ્રજા હિતના પ્રશ્નો જે પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા છે તેનો તાત્કાલિક ઉકેલ આવે તે દિશામાં કામગીરી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચનાઓ સાથે માર્ગદર્શન આપ્યું હતું. સાંસદ વિનોદ ચાવડાએ રાપર તાલુકામાં આરોગ્ય કેન્દ્રોમાં સુવિધા તથા સેવા દુરસ્ત કરવા સહિતના મુદે રજૂઆત કરવા સાથે કચ્છમાં વરસાદ બાદ બિસ્માર રોડ-રસ્તાના રીપેરીંગ કામો ત્વરિત રીતે પૂર્ણ કરવા ચોક્કસ આયોજન ઘડવા મૌખિક રજૂઆત કરી હતી. બાયપાસ રોડ બની જતાં ભુજમાં ભારે વાહનોના નિયમન અંગે રજૂઆત કરી હતી. આ

સાથે કચ્છ ભૂકંપ ઝોન-પમાં આવતું હોવાથી ટી.પી.ના નિયમો તથા બાંધકામ અનુંસધાને જરૂરી સુધારા કરવા તેમજ ભુજના ભૂકંપગ્રસ્ત નાગરિકોના પ્રોપર્ટીને લગતા પડતર મુદાઓનો ઉકેલ ત્વરાએ લાવવા પર ભાર મૂક્યો હતો.જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ ફાચરીયા, બગડા, છસરા જૂથ પાણી યોજનાનું કામ પૂર્ણ કરવા, લો-વોલ્ટેજની સમસ્યા નિવારવા શિકારપુરમાં ફીડર ચાલુ કરવા, વાંઢીયા ગામના પેટા કેનાલની કામગીરી કામગીરી પૂર્ણ કરવા રજૂઆત કરી હતી.

---------------------------------------------------------------------------------------

## સ્વચ્છોત્સવ - અંજાર

સ્વચ્છ ભારત મિશનના ૧૧ મા વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હી સેવાને સ્વચ્છોત્સવ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. તા.૧૭ સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત અંજાર ખાતે આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે દેવળિયાનાકા પાસે આવેલી તેમની પ્રતિમાને હારારોપણ કરી પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. સાથોસાથ નગરપાલિકા હિન્દુ સાર્વજનિક સ્મશાન ખાતે એક દિન. એક ઘંટા, એક સાથ શ્રમદાન કાર્યક્રમ યોજાશે.

---------------------------------------------------------------------------------------

## પોષણ ઉત્સવ – ગોધરા

ગોધરા ખાતે પ્રોગ્રામ ઓફિસર દશરથ પંડયાનાં નેજા હેઠળ પોષણ ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વાનગી નિદર્શન બાદ વિજેતાઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

લાભાર્થીઓને મિલેટ તથા ટીએચઆરનો રોજિંદા જીવનમાં ભરપૂર ઉપયોગ કરવાની વિસ્તૃતપણે સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

એશિયા કપની સુપર ફોર મેચમાં ભારતે બંગલા દેશને 41 રને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. બંગલા દેશની ટીમે ટોસ જીતી ભારતીય ટીમને દાવ લેવા ઉતારી હતી. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવી 168 રન કર્યા હતા. અભિષેક શર્માએ સૌથી વધુ 75 રન કર્યા હતા. જવાબમાં બંગલાદેશની ટીમ 127 રન કરી શકી હતી. કુલદિપ શર્માએ ત્રણ વિકેટ ઝડપી હતી.

---------------------------------------------------------------------------------------

## નવરાત્રિ

આજે ચૈત્રી નવરાત્રીનો ચોથા દિવસે માતા દુર્ગાના ચોથા સ્વરૂપ માતા કુષ્માંડાની પૂજા કરવામાં આવે છે. માતા કુષ્માંડાને આ સૃષ્ટિની સર્જક કહેવામાં આવે છે. તેમની સાત ભુજાઓ છે જેમાં અનુક્રમે કમંડલ, ધનુષ્ય, બાણ, કમળનું ફૂલ, કલશ, ચક્ર અને ગદા છે. બીજી તરફ તેમના આઠમા હાથમાં એવી માળા છે જે બધી સિદ્ધિઓ અને નવા ભંડોળ આપે છે. **આસો નવરાત્રિમાં સમગ્ર રાજ્ય સાથે કચ્છ જિલ્લામાં પણ તમામ શહેર-ગ્રામ્યસ્તરે ખેલૈયાઓ મોડીરાત સુધી મન મૂકીને ગરબા રમી રહ્યા છે તો દેશદેવી મા આશાપુરા માતાના મઢ ખાતે ભાવિકો-પદયાત્રિકોનો પ્રવાહ સતત ચાલુ રહેવા જોવા મળી રહ્યો છે.**

---------------------------------------------------------------------------------------

## સ્વચ્છોત્સવ : કચ્છ

ભારત સરકાર દ્વારા ૨જી ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવ્યું છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે “સ્વચ્છતા હી સેવા ૨૦૨૫” ને “સ્વચ્છોત્સવ તરીકે ઉજવણી કરાઇ રહી છે. ત્યારે આ ઉજવણીના ભાગરૂપે કચ્છભરમાં ઠેર ઠેર સ્વચ્છતા કાર્યક્રમો તથા જનજાગૃતિની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે .“ કચ્છની નગરપાલિકા દ્વારા માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના શહેરોમાં સામાન્ય સફાઈની

કામગીરી અંતર્ગત ગ્રામ પંચાયતો, સરકારી વિભાગો, વાણીજ્ય વિસ્તાર, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્રો, બાગ-બગીચાઓ, ફૂટપાથ, રસ્તાઓની સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ હતી.

જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં સફાઇ અભિયાન અંતર્ગત કામગીરી કરાઇ હતી. ઉપરાંત માતાના મઢ પદયાત્રના કેમ્પના રસ્તાઓમાં સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કામગીરીમાં ગામના સરપંચ, ઉપ સરપંચ, તલાટી, આંગણવાડી બહેનો તેમજ  સ્વચ્છ ભારત મિશનના કર્મચારીઓ તથા ગ્રામજનો જોડાયા હતા.

---